મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૩ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૪૩ ટકા
ગાંધીનગર તાપમાન

# શિયાળો જામતા રેસ્ટોરન્ટના મેનુ બદલાયા

## શિયાળુ શાક કહેવાતા લીલી હળદરનું શાક, સરસોનું શાક, ઉંધીયુ, તુવેર ટોઠાને મેનુમાં સમાવાયા સાથે જ બાજરી, મકાઈના રોટલાનું ચલણ વધ્યુ











ગાંધીનગર, તા.૧૧

શિયાળો જામતા શહેરની હોટલ અને રેસ્ટોરન્ટનું મેનુ પણ બદલાયુ છે. મેનુમાં લીલી હળદરનું શાક, સરસોનુ શાક, ઉંધીયુ અને તુવેર ટોઠાનો સમાવેશ થતાં ગ્રાહકોને નવો સ્વાદ માણવા મળી રહયો છે.

શિયાળો એટલે સ્વાદની મોસમ અવનવી વાનગીઓનો રસથાળ જામે છે. શિયાળામાં શાકભાજીની ભરપુર આવક થતી હોવાથી વાનગીઓમાં ખુબ વિવિધતા જોવા મળે છે. આ ઋતુ દરમિયાન શાકભાજીની ભરપુર આવક થાય છે જેના કારણે નવા નવા શાક બની શકે છે. હાલમાં લીલી હળદરની આવક ભરપુર પ્રમાણમાં થઈ રહી છે. છેલ્લા કેટલાક સમયથી શિયાળા દરમિયાન લીલી હળદરના શાકની નવી વાનગી મેનુમાં ઉમેરાઈ રહી છે. ભરપુર ચોખ્ખા ઘીમાં લીલી હળદરને સાંતળીને બનાવવામાં આવતી આ વાનગી સ્વાદરસિયાઓને રીતસર દાઢે વળગી છે. આ સાથે જ સુપ્રસિધ્ધ તુવેર ટોઠાએ પણ જમાવટ કરી છે. તુવેર ટોઠા ખાવા માટે ખાસ રેસ્ટોરન્ટમાં જવાનું ચલણ પણ વધ્યુ છે. હવે તો દિવાળી બાદ જ મળવાના શરૂ થઈ જતાં તુવેર ટોઠા રેસ્ટોરન્ટથી લઈને લારીઓ સુધી જમાવટ કરે છે. શિયાળો આવે એટલે ઉંધીયુને કેમ કરીને ભુલાય. લગભગ દરેક પ્રકારના શાક હાલમાં ઉપલબ્ધ હોવાથી ઉંધીયુ સૌનું હોટ ફેવરીટ બને છે. શિયાળો શરૂ થતાં જ ઉંધીયાએ હોટલના મેનુમાં આપોઆપ જ સ્થાન મેળવી લીધું છે. શિયાળાની ઠંડી ઋતુમાં રીંગણનો ઓળો અને લસણથી ભરપૂર હોય તેવા અન્ય શાક પણ ગ્રાહકોની પસંદ બન્યા છે. રીંગણનો ઓળો અને ભરેલા રીંગણાનું શાક પણ અત્યારે ખુબ પસંદ કરવામાં આવે છે. આ બધા જ સ્વાદિષ્ટ અને તીખા તમતમાટ શાકની સાથે બાજરીના અને મકાઈના રોટલા સારી પેઠે જુગલબંધી કરી રહયા છે. દેશી જમણ પીરસતી હોટલ, રેસ્ટોરન્ટ અને હાઈવેના ઢાબાઓ પર શિયાળાની ઠંડી ઋતુમાં અવનવા શાક જમાવટ કરી રહયા છે.

## જન્મદિને વધામણી




ઠાકોર ઐશ્વર્યા તારકકુમાર



ઠાકોર કાન્તાબેન શંભુજી
મો. ૯૭૧૪૬ ૬૫૬૧૮



કાવ્યા છાયા ત્રિવેદી
મો. ૯૭૨૪૩ ૧૭૩૫૮



યુવરાજ પરેશભાઈ રાવળ
મો. ૯૯૯૮૫ ૫૭૨૩૩



જેન્સી હાર્દિકભાઈ પ્રજાપતિ

# ન્યુ લાઈફ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે સ્ટેપ અપ રમતોત્સવ-૨૦૨૨ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

તાજેતરમાં ન્યુ લાઈફ ઈન્ટરનેશનલ સ્કૂલ, કોલવડા ખાતે ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન - મિલાપ ટાટારિઆ દ્વારા સ્ટેપ અપ રમતોત્સવ-૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં લીંબુ ચમચી, લોટ ફૂંક અને કોથળા દોડ જેવી અલગ-અલગ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. લીંબુ ચમચી સ્પર્ધામાં પ્રથમ વિજેતા રુતુરાજ વાઘેલા, દ્વિતીય વિજેતા ફાલ્ગુની પુરાબિયા અને તૃતીય વિજેતા હરવીર વાઘેલા રહ્યા હતા. કોથળા દોડ સ્પર્ધામાં પ્રથમ વિજેતા ફાલ્ગુની પુરાબિયા, દ્વિતીય વિજેતા વિરાજ ઠાકોર અને તૃતીય વિજેતા જીયાન મહેરિયા રહ્યા હતા. લોટ ફૂંક સ્પર્ધામાં પ્રથમ વિજેતા તુલસી ઠાકોર, દ્વિતીય વિજેતા પૃથ્વીરાજ દેસાઇ અને તૃતીય વિજેતા રુતુરાજ વાઘેલા રહ્યા હતા. ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, ડૉ. ગુલાબચંદ પટેલ અને ન્યુ લાઈફ ઈન્ટરનેશનલ સ્કૂલના હેડ પ્રી. પ્રાઈમરીના પ્રતિક્ષા શાહ વિશેષ ઉપસ્થિત રહી બાળકોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું સાથે વિજેતાઓને એમના વરદહસ્તે ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા અને ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સર્ટિફિકેટથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં બાળકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. સ્ટેપ અપ રમતોત્સવ - ૨૦૨૨ ને સરળ રીતે સફળ બનાવવા માટે સંદિપ રાવલ, તુષાર રાઠોડ અને સુધીરનો વિશેષ સહયોગ રહ્યો હતો. ન્યુ લાઈફ ઈન્ટરનેશનલ સ્કૂલના ટ્રસ્ટી અતુલ ચક્રવર્તી, ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાના ગ્રાન્ડમાસ્ટર પ્રકાશ સંભવાણી, ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવે અને આયોજક મિલાપ ટાટારિઆએ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.







સરકારી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા સે-૧ ઉના જુનિયર, સીનીયર કેજી અને ધો-૧/૨ના બાળકો માટે શિયાળાના આગમનને પ્રવૃતિ દ્વારા વધાવી લેવાઈ હતી. જેમાં શિક્ષકો અને બાળકોએ વેલકમ વિન્ટર, વોર્મ અપ વીથ એ ગુડ બુક જેવા સ્લોગન લખી શિયાળાનાં આગમનની ઉજવણી કરી હતી. શાળાના આચાર્ય ડો.વિક્રમસિંહ અને શિક્ષકો વિભુતિ જાની અને સ્વાતિ મહેતાએ બાળકોને શિયાળાના આગમન અને ફાયદા વિશે સમજ આપી હતી.

# કોઈ પ્રાણી એવું નથી મળ્યું કે જે મારી સાથે હળીમળી ગયું ન હોય..!!

## ગાંધીનગરના સરગાસણ ટીપી-૯ વિસ્તારમાં રહેતા એક મહિલા બીમાર કે ઇજાગ્રસ્ત અબોલ પ્રાણીઓને રેસ્ક્યુ કરવામાં પોતાના ખર્ચે સેવાઓ આપે છે : અનેક મુશ્કેલીઓ છતાં પોતાના સેવા કાર્યોમાં તેઓ સહેજે કસર છોડતા નથી





ગાંધીનગર તા.૧૧

મકરસંક્રાંતિનું પર્વ નજીક આવી રહ્યું છે અને આ પર્વ દરમિયાન ગાય-કુતરાઓને લાડુ ખવડાવવાની વિવિધ સોસાયટીઓમાં જાણે હોડ જામશે. જો કે આખું વર્ષ રખડતી ગાયોની ફરિયાદો કરતા અને કુતરાઓને જોઈને લાકડી લઈને મારવા દોડતા આપણા સમાજમાં જ્યારે કોઈ ખરેખર અબોલ પ્રાણીઓ માટે સેવા કરતું હોય ત્યારે તેને મદદ કરવાને બદલે તેનો વિરોધ કરી તેના માટે પરેશાનીઓ ઊભી કરવા તુરંત પ્રયત્નશીલ બની જાય છે. સરગાસણ ટીપી-૯ વિસ્તારમાં રહેતા અર્પણાબેન ઠક્કર નામના એક મહિલા શહેરમાં કુતરાં, બિલાડી, ગાય, નીલગાય વગેરે અબોલ પ્રાણીઓને ખવડાવવા ઉપરાંત તેઓ બીમાર કે ઈજાગ્રસ્ત હોય તો તેમનું રેસ્ક્યુ કરીને સારવાર અપાવવામાં પણ સતત નિસ્વાર્થ ભાવે પોતાના ખર્ચે સેવાઓ આપે છે. આજે સાડા ત્રણ વર્ષ પહેલા જ્યારે અર્પણાબેન આદિપુર ખાતે તોલાણી કોલેજમાં સ્પોર્ટ્સ પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવી રહ્યા હતા ત્યારે ત્યાં એક બિલાડીના માંડ ૧૫-૨૦ દિવસના બચ્ચાને કરડવાને કારણે ગંભીર ઈજાઓ થઈ હતી જેને જોઈને તેમને દયા આવી જતા પોતાના ઘરે લઈ ગયા હતા અને તેની સારવાર શરૂ કરાવી હતી. આ તેમનું પહેલું રેસ્ક્યુ હતું જેમાં તેમને કેવી રીતે બચ્ચાને સાચવવું એની પૂરતી જાણકારી પણ નહોતી. તેઓ દરરોજ એક દુપટ્ટામાં વીંટાળીને બચ્ચાને હોસ્પિટલ સારવાર માટે લઈ જતા હતા. આ બધું સાજુ થઈ ગયું પછી માયા બંધાઈ જવાને કારણે તેમની સાથે જ રહેતું હતું જે આશરે દસેક મહિના સુધી રહ્યું જે દરમિયાન તે મોટી બિલાડી બની ચૂક્યું હતું. ગત વર્ષે કોવિડ દરમિયાન પાટણ ખાતે રહેતા અર્પણાબેનના પિતા ભગવાનભાઈ ઠક્કરની તબિયત નાદુરસ્ત હોવાથી વધુ સારવાર માટે ગાંધીનગર ખાતે લવાયા હોવાના સમાચાર મળતા તેઓ ઘરે જવા રાત્રે દસ વાગ્યાની બસ પકડવા પોતાની બેગ લઈને નીકળ્યા ત્યારે આ બિલાડી તેમના વાહનની પાછળ પાછળ આવી હતી અને આ દરમિયાન તે તેના પર એક કુતરાએ હુમલો કરતા તેને ગંભીર ઈજાઓ થવા પામી હતી જેમાં તેનું જડબું પણ તૂટી ગયું હતું. આ વાતની ખબર પડતા અર્પણાબેને બસને જતી કરી પરત આવી ગયા અને બિલાડીને શોધી કાઢી હતી. બીજા દિવસે આ બિલાડીને લઈને તેઓ ગાંધીનગર પહોંચ્યા હતા જ્યાં તેમણે તપાસ કરતા મા ફાઉન્ડેશન નામની સંસ્થાનો સંપર્ક થયો જ્યાં આ બિલાડીને સારવાર માટે મૂકી હતી પરંતુ તેની ઈજાઓ વધુ હોવાથી અંતે તેને અમદાવાદની જીવદયા સંસ્થા ખાતે લઈ ગયા હતાં. જોકે બિલાડીને જડબાનું ઓપરેશન કરવા છતાં ત્રણેક દિવસમાં તે અવસાન પામી હતી. બીજી તરફ આવતા તેમના પિતાને એપોલો હોસ્પિટલ ખાતે હોસ્પિટલાઈઝ કરવામાં આવ્યા જ્યાં તેમની તબિયત વધુ લથડતા સારવાર દરમિયાન જ તેમનું અવસાન થયું હતું. એક તરફ પિતાનુ અવસાન અને બીજી તરફ જેની સાથે માયા બંધાઈ હતી તે બિલાડીને પણ બચાવી ન શકતા વ્યથિત થયેલા અર્પણાબેને સરગાસણ ખાતે પોતાની સોસાયટીની આસપાસના વિસ્તારમાં રખડતાં કૂતરાઓને ખવડાવવાની પ્રવૃત્તિ શરૂ કરીને પોતાનું મન હળવું કરવા પ્રયાસ શરૂ કર્યો હતો અને જે વિસ્તરતી ગઈ જેમાં ગાય અને વાંદરાઓને પણ ખવડાવવાનો સમાવેશ થવા લાગ્યો હતો. આ પ્રવૃત્તિ દરમિયાન ધીમે ધીમે તેમણે ઈજાગ્રસ્ત કે બિમાર કુતરાં, ગાય અને વાંદરાઓને સારવાર આપવાની સેવા શરૂ કરી દીધી હતી જેમાં તેમને કરુણા અભિયાન હેલ્પલાઈન સહિત અન્ય સંસ્થાઓ તેમજ સ્વયંસેવકો સાથે સંપર્કો વધ્યા અને તેમની મદદ પણ મળવા લાગી હતી. હવે કચ્છની નોકરી છોડીને તેઓ ગાંધીનગર જ સ્થાયી થઈ ગયા અને અહીં તેમને હિલવુડ્સ સ્કૂલ ખાતે સ્પોર્ટ્સ ટીચર તરીકે નોકરી પણ મળી જવા પામી. પહેલા દોઢેક વર્ષથી સવારના સાતથી બપોરના બે વાગ્યા સુધીની નોકરી પતાવ્યાં બાદ બપોર પછી મોડી સાંજ સુધીનો તેમનો સમય હવે મોટેભાગે રેસક્યુ કાર્યોમાં જ વપરાય છે. આ સાથે સાંજના સમયે તેઓ નિયમિતપણે તેમના સરગાસણ ટીપી-૯ વિસ્તારમાં અને તારાપુર સુધીના માર્ગે નિયત કરેલા સ્થળોએ કુતરાઓને ખવડાવવાનું પહોંચાડવા અને પાણીની વ્યવસ્થા કરવામાં લાગી જાય છે. આ કાર્ય દરમિયાન પણ તેમને અનેક નાની-મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે જેમાં ખાસ કરીને રહેણાંક સોસાયટીઓ નજીક કૂતરાઓને બિસ્કીટ ખવડાવવા માટે પણ સ્થાનિક વસાહતીઓનો વિરોધ થતો હોય છે. ગત વર્ષે તો એક કુતરીના ગલુડિયાંઓને ખવડાવવા જતા એક સોસાયટીના પ્રમુખ અને વસાહતીઓ દ્વારા વિરોધ કરવામાં આવ્યો અને પોલીસ બોલાવીને કેસ પણ કરી દેવામાં આવ્યો છે. આ સમયે તેમણે બ્લેક પેન્થર નામની જીવદયાપ્રેમી સંસ્થાના સ્વયંસેવકોને બોલાવીને મદદ મેળવી હતી પરંતુ હજુ પણ આ કેસ પેન્ડિંગ છે. જોકે આવા અવરોધો તેમને રોકી શક્યા નથી અને તેમની ફીડિંગ અને રેસ્ક્યુ સેવા દિન પ્રતિદિન વધતી જ રહી છે. બચાવ કાર્યો માટે અર્પણાબેનનું નામ એટલું જાણીતું થઈ ચૂક્યું છે કે આસપાસના વિસ્તારમાં કોઈપણ પ્રાણી ઈજાગ્રસ્ત કે બીમાર હોય ત્યારે તેમના પર ફોન આવે છે અને જે માટે તેઓ દરરોજના ત્રણથી ચાર નાના મોટા બચાવ કાર્યોમાં વ્યસ્ત રહે છે. આ કાર્ય માટે તેમણે પીકઅપ ડાલુ અને એક રીક્ષા ચાલકને પણ બાંધી રાખ્યા છે જેઓ નિયમિત રીતે સમય તેમનો કોલ જતા જ પહોંચી જાય છે. વાછરડાં, ગાય કે નીલગાય જેવા પ્રાણીઓની સારવાર માટે તેઓ રૂપાલ ખાતેની જનની ગૌશાળાની મદદ મેળવે છે અને અન્ય પ્રાણીઓ માટે કરુણા અભિયાન હેલ્પલાઇન ઉપરાંત અમદાવાદની જીવદયા સંસ્થાની મદદ મેળવે છે. ગાંધીનગરમાં રેસક્યુ કામ માટે જાણીતા પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટના વોલીએન્ટર્સ ગ્રુપ ઉપરાંત અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ પણ અર્પણાબેનની અનેક વાર મદદ મેળવે છે. તેઓ કોઈ કુતરીએ ગલુડિયાઓને જન્મ આપ્યો હોય નિયમિત ખોરાક પહોંચાડે અને રહેવા માટે ઘર જેવું પણ પોતાના હાથે બનાવી દે છે જેમાં ઠંડી ના લાગે તે માટે કંતાન વગેરેનો ઉપયોગ કરે અને તેને નિયમિત સાફસફાઈ સાથે બદલી પણ નાખે છે. વન ચેતના કેન્દ્ર ખાતે જ્યાં રેસક્યુ કરેલા પ્રાણીઓને સારવાર માટે રખાય છે તેના પાંજરા મહિનામાં બે વાર નિયમિત સાફ કરવા માટે જાય છે. પોતાના તમામ રેસ્ક્યુ કાર્ય પોતાના જ ખર્ચે કરતા અર્પણબેન કહે છે કે "આજ સુધી તેમને કોઈ પ્રાણી એવું નથી મળ્યું કે જે મારી સાથે હળીમળી ગયું ન હોય અને મારી પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હોય." તેઓ માને છે કે પ્રાણીઓ આપતી આંખોનો ભાવ ઓળખી જાય છે અને તે પ્રમાણે પ્રતિભાવ આપે છે.



પ્રતિભાવો આવકાર્ય: samirtalod@gmail.com





સિદ્ધાર્થ લૉ કોલેજ,ગાંધીનગરમાં માનવ અધિકાર દિવસ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. પ્રિ.ડૉ.દિલીપ મેવાડાએ માનવ અધિકારના ખ્યાલ વિશે સમજ આપી હતી. વિશાળ સંખ્યામાં વિધાર્થીઓ અને સ્ટાફ હાજર રહ્યા હતા.



"વિશ્વ માનવ અધિકાર દિવસ" નિમિત્તે ઉમ્મીદ ફાઉન્ડેશન અને નવગુજરાત લો કોલેજ દ્વારા સરકારી શાળા બોરીજ ખાતે વિદ્યાર્થી મિત્રો સાથે "ભારતીય બંધારણ હેઠળના અધિકાર અને માનવ અધિકાર" વિષય ઉપર ચર્ચા કરવામાં આવી

# શાહપુર પ્રાથમિક શાળાના આચાર્યનું મહેસાણા મુકામે રાષ્ટ્રીય ગૌરવ શિક્ષક સન્માન એવોર્ડથી સમ્માન





મહેસાણા જિલ્લાના ઊંઝા ઉમિયા માતા કેમ્પસ ખાતે ટીમ મંથન ગ્રુપ દ્વારા અખિલ ભારતીય રાષ્ટ્રીય ગૌરવ શિક્ષક સમ્માન કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ભારતના ૧૬ રાજ્યોમાંથી વિશિષ્ટ કામગીરી કરતા ૧૦૦ શિક્ષકોની અને ગુજરાતના ૭૫ શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી. જેમને ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં ગાંધીનગર તાલુકાની શાહપુર પ્રાથમિક શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિનું રાષ્ટ્રીય ગૌરવ શિક્ષક સમ્માન એવોર્ડથી સમ્માન કરવામાં આવ્યું હતું. ટીમ મંથન ગ્રુપના રાષ્ટ્રીય મોટીવેટર શૈલેષભાઈ પ્રજાપતિ દ્વારા તમામ સમ્માનિત તમામ શિક્ષકોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.